ગાંધીનગર સમાચાર

## રાજ્યપાલ સહિતના મહાનુભાવો ઈ.વોટીંગ કરી મતાધિકાર ભોગવશે

# મતદાનની સાથે સાથે...

- સે. ૨૨માં ચૂંટણી દરમિયાન વૃદ્ધ મતદારોના વાહનને છેક અંદર સુધી જવા દેવામાં આવતા હતા.
- જૂના સેક્ટરોમાં મતદાન મથક પર સવારમાં મતદારોના ધસારો ઓછો જોવા મળ્યો હતો.
- સે. ૨૯માં અતિ સંવેદનશીલ મતદાન મથક પર ચૂંટણી પંચ દ્વારા વિશેષ વિડીયોગ્રાફી કરવામાં આવતી હતી.
- સવારના ૧૦.૦૦ વાગ્યા બાદ વૃદ્ધોમાં મતદાનને લઈ ઉત્સાહ જોવા મળ્યો હતો.
- અસંખ્ય મતદાન મથક પર પથારીવસ અને બિમાર મતદારોએ પણ જાતે આવી મતદાન કર્યું હતું.
- દસાડાના ધારાસભ્ય પુનમભાઈ મકવાણા આજે સે. ૧૩ સહિતના મતદાન મથકો પર મુલાકાત લીધી હતી.
- સે. ૨૯માં મતદારયાદીમાંથી અનેક મતદારોના નામ ગુમ થઈ જતા રોષ જોવા મળ્યો હતો.
- બપોર બાદ તાપને લઈ મતદાન પ્રક્રિયા મંદ બની જવા પામી હતી.
- મતદાન મથક નજીક બુથ કાર્યકરો માટે બધા પક્ષો દ્વારા ઠંડા પીણા અને નાસ્તાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.
- સે. ૨૮માં વયોવૃદ્ધ આકરા તાપમાં મતદાન કરવા આવ્યા પરંતુ મતદારયાદીમાંથી નામ ગુમ થતા ભારે રોષે ભરાયા હતા.
- મતદાનમાં આકરી ગરમીને લઈ મતદારો રીક્ષાને બદલે કાર્યકરો એ.સી.કારની માંગ કરતા હતા.
- સે. ૫માં મતદાન મથક પાસે સવારે બે આખલા તોફાને ચઢતા મતદારો ડઘાઈ ગયા હતા.
- વોર્ડ નં. ૭માં આધારકાર્ડના આધારે મતદારોને મતદાન કરવા દેવામાં આવ્યુ ન હતુ. પરિણામે હોબાળો મચી જવા પામ્યો હતો.
- મતદાન માટે આવેલા સિનિયર સિટિઝનને શ્વાસની તકલીફ થતા પોલીસ કર્મચારીએ તેમને ખુરશીમાં બેસાડી પાણી પીવડાવ્યુ હતુ.
- સે. ૧૭માં મતદાન મથકમાં વિકલાંગો માટેના રેંપ પર તાળુ હોવાથી વિકલાંગ મતદારોને હાલાકી વેઠવી પડી હતી.
- સિનિયર પત્રકાર રશિક સથવારાના પરિવારજનોના નામ મતદારયાદીમાંથી ગુમ થયા હોવાની ફરિયાદ ઝોનલ ઓફિસરને કરી હતી.
- સે. ૧૩માં રાજકીય પક્ષો દ્વારા મતદારો માટે ઠંડા પાણી અને લિંબુ શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી.



(તસવીર : કશ્યપ નિમાવત)



- વોર્ડ નં. ૭માં ભાજપના ઉમેદવાર રૂચિર ભટ્ટ તેમજ ભાજપના કાર્યકરોને કેટલાક ઈસમો સાથે ઉગ્ર બોલાચાલી થવા પામી હતી.
- સે. ૨૧ના અગ્રણી શૈલેષ પંડ્યાનું નામ જ મતદારયાદીમાંથી ગુમ થઈ ગયું હતું.

## સે. ૨૮માં વયોવૃદ્ધ આકરા તાપમાં મતદાન કરવા આવ્યા પરંતુ મતદારયાદીમાંથી નામ ગુમ થતા ભારે રોષે ભરાયા હતા

- સે. ૨૨માં કોંગ્રેસના ઉમેદવારો પ્રવિણ પટેલ અને ભાવનાબેન વ્યાસ મતદાન મથકના દરવાજા પર જ મતદારોને આવકારતા હતા.
- સે. ૨૮ની શાળામાં સરસ્વતી માતાના ફોટા નીચેના કમળ પર સ્ટીકર મારવામાં આવ્યા હતા.
- સે. ૧૩માં ભાજપ-કોંગ્રેસના બુથ કાર્યકરો મતદારોને નામ શોધી આપવામાં મદદ કરી હતી.
- સવારના ૧૧ વાગ્યા સુધીમાં તમામ મથકો પર ૧૫ ટકા મતદાન થવા પામ્યુ હતુ.
- સે. ૧૫ ફતેપુરામાં ૮૭ વર્ષિય વયોવૃદ્ધ સતુજી બેચરજી ઠાકોર સવારે નવ કલાકે મતદાન કર્યું હતું.





- સે. ૨૧માં મતદાન દરમિયાન યુવાને સેલ્ફી લેતા વિવાદ થતા ચૂંટણી અધિકારીએ તેને અટકાવ્યો હતો.
- સવારે એક વોર્ડમાં મશીન ખોટકાયુ હતુ જેનું કનેક્શન ઢીલુ હતુ.
- સે. ૨૪ મતદારો મતદાન મથકના દરવાજા સુધી રીક્ષામાં આવતા જોવા મળ્યા હતા.
- પાલજમાં ૧૨ વાગ્યા સુધીમાં ૬૦ ટકા મતદાન થયું હતું.
- ચૂંટણી કમિશનર વરેશ સિંહાએ સે. ૨૯, ૩૦ના સંવેદનશીલ મતદાન મથકની મુલાકાત લીધી હતી અને અધિકારી સાથે અનુભવની આપ-લે કરી હતી.
- જિલ્લા કલેક્ટર રવિશંકરે સે. ૧૩ની પ્રાથમિક શાળામાં બુથનું નિરીક્ષણ કર્યું હતું.
- ચૂંટણી દરમિયાન અમુક સ્થળે મતદારો ઘરમાં હતા છતા મતદાન કરવાનું ટાળ્યુ હતુ.
- સે. ૨૭માં મહારાણા પ્રતાપ શાળામાં બપોર સુધી એક બુથમાં ૭ ટકા મતદાન થતા ચૂંટણી અધિકારી દોડી ગયા હતા. આ બુથમાં મોટા ભાગે એસઆરપી જવાનોના મત હોવાથી તેઓ મતદાન કરી શક્યા ન હતા.
- ઉમેદવારો સતત પોતાના વોર્ડના મતદાન મથકો પર નિરીક્ષણ કરી રહ્યા હતા.
- ચૂંટણી કાર્યકરો માટે બપોરે ૧૨ કલાકે શહેરની ખ્યાતનામ હોટલો પરથી લંચ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- ચૂંટણીને પગલે શહેરના સમાવિષ્ટ ગામોમાં મેળા જેવો માહોલ સર્જાયો હતો.
- ચૂંટણી હોવાથી શહેરના પાન-પાર્લરો, ચા-નાસ્તાની લારીઓ પર ભારે ભીડ જોવા મળી હતી. કાર્યકરો મોટી માત્રામાં નાસ્તાનો ઓર્ડર હોવાથી અન્ય નાગરીકોને ૨૦ મિનિટ જેટલો સમય નાસ્તાની લારીઓ પર ઉભા રહેવું પડ્યું હતું.
- સેક્ટર-૧૬ સરકારી વસાહતમાં નિકાલ હેઠળ તેમજ રીનોવેશન માટે મકાનો નીકાળતા મતદારોના સરનામા બદલાયા હતા. જ્યારે મતદારોને ઘર બદલાતા નામ કમી થયુ ગયુ હશે પરંતુ મતદારયાદીમાં નામ હતા, પરંતુ કોઈ કાર્યકરો દ્વારા જાણ ન કરાતા મતદારો મતદાન કરી શક્યા નહોતા.
- શહેરના યુવા મતદારો મતદાન કરીને બહાર આવીને સેલ્ફી લેતા નજરે પડ્યા હતા.
- ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું હતું.
- ચૂંટણીને લઈ તમામ વોર્ડ તેમજ બુથ પર પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.
- વોર્ડ નં. ૮માં સેક્ટર-૧ના રહેવાસી જાણીતા સાહિત્યકાર સુરેશ ભટ્ટ, હિરેન ભટ્ટ અને કર્ણ ભટ્ટ ત્રણ પેઢીએ એક સાથે મતદાન કર્યું હતું.
- રાજ્ય સરકારના મંત્રી રમણભાઈ વોરા મહાપાલિકાની ચૂંટણીને લઈ વોર્ડ નં. ૮ ખાતે આવી પહોંચ્યા હતા અને મતદાન અંગે વિગતો મેળવી હતી.
- ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસીંગ યાદવ અને એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર યાદવ ચૂંટણીને લઈ વિવિધ વોર્ડની મુલાકાત લીધી હતી.













(તસવીર : કશ્યપ નિમાવત)

# મહાનાયકોનું ચાલ્યું હોત તો મુંબઈ અને માઉન્ટ આબુ ગુજરાતના હિસ્સામાં હોત !

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

૧લી મે આવી રહી છે ત્યારે રાજ્ય સરકાર છોટા ઉદેપુરમાં ગૌરવ દિનનો ઉત્સવ મનાવવા નિકળી પડી છે પરંતુ આ ગુજરાતને લેતા લેતાં કેટલાક મહાનાયકોને નાકે દમ આવી ગયો હતો તે જાણીએ તો આપણા રૂવાંડા ઉભા થઈ જાય તેમ છે. મહા ગુજરાતની ચળવળ સમયે એવું કહેવાય છે કે દૂરંદેશી લોકોએ લોહી રેડ્યા વિના અલગ ગુજરાત આપીને આજની સવા છ કરોડની જનતાના સુખ-શાંતિ કાયમ રાખ્યા છે. આ મહાનાયકોની માગણી પ્રમાણે થયું હોત તો આજે મહારાષ્ટ્રનું મુંબઈ અને રાજસ્થાનનું માઉન્ટ આબુ ગુજરાતમાં ભળી ગયું હોત, પરંતુ તે સમયના શાસકો માન્યા નહીં અને આ બે પ્રદેશ ગુજરાતે ગુમાવી દીધા હતા. ઈતિહાસના પાને કોતરાયેલા ગુજરાતના પ્રણેતાઓની વેદના સમજી શકાય તેવી છે. કવિ નર્મદ લખે છે કે- જય જય ગરવી ગુજરાત, દીપે અરૂણ પ્રભાત... કવિ ખબરદાર તો કહે છે કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં વસે સદાકાળ ગુજરાત...

**● ૩૦૦૦ વર્ષના ગાળામાં શું બન્યું તેની કોઇને ખબર નથી ...**

ગુજરાતના પોતાના સામ્રાજયનો એક આગવો ઈતિહાસ છે. આનર્ત રાજાનો પુત્ર રેવત કુશસ્થલી-આજની દ્વારકાનો શાસક હતો. ભગવાન શ્રીકૃષ્ણએ કંસના વધ પછી વ્રજ છોડીને સૌરાષ્ટ્રના સાગરકાંઠે વેરાન પડેલી જૂની રાજધાની કુશસ્થલીનો જીર્ણોદ્ધાર કરાવી દ્વારિકા વસાવી હતી. કૃષ્ણના શાસન પછી ગુજરાના ઈતિહાસના પટ ઉપર અંધારપટ છવાયેલો રહ્યો છે. ૩૦૦૦ વર્ષના ગાળામાં શું બન્યું તેની કોઈને કશી ખબર નથી પરંતુ મગધના પાટલીપુત્રના સિંહાસનેથી ચંદ્રગુપ્ત મૌર્યએ ચક્વતીનો ધ્વજ ફરકાવ્યો હતો. ગુજરાત અને સૌરાષ્ટ્ર પણ તેના નેજા હેઠળ આવ્યા હતા. મૈત્રક કાળ દરમ્યાન ભિલ્લમાલની આસપાસનો પ્રદેશ ગુર્જરદેશ તરીકે ઓળખાતો હતો. વનરાજ ચાવડાના સમયમાં ગુજરાતની રાજધાની અણહિલવાડ-પાટણમાં સ્થપાઈ હતી. ઈતિહાસ લાંબો છે પરંતુ તેને પ્રાચીન, મધ્યકાલિન અને આધુનિક યુગમાં વહેંચવામાં આવેલો છે. આધુનિક યુગ એટલે ૧૮૫૭ કે જયારે અંગ્રેજો શાસનમાં હતા.

## યાદ કરો, અશોક ભટ્ટની વિરોધ કરવાની સ્ટાઈલ.. વો ભી ક્યા દિન થે..

**● ચળવળ જ્યારે આંદોલનમાં ફેરવાઇ ગઇ હતી...**

ગુજરાતી ભાષા બોલતા પ્રદેશોને મહાગુજરાત રાજ્ય તરીકે જાહેર કરવા માટે જ મહાગુજરાત ચળવળ શરુ થઈ હતી. આ ચળવળ હકીકતમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ જ શરૂ કરી હતી અને ત્યારબાદ ટુંક જ સમયમાં આ ચળવળ મહાગુજરાત આંદોલનમાં ફેરવાઈ ગઈ હતી. મહાગુજરાત ચળવળના મુખ્ય હિરો ઈન્દુલાલ યાજ્ઞિક હતા. ૧૯૫૬માં ઈન્દુલાલ યાજ્ઞિકે અગલ ગુજરાતની ચળવળને વેગ આપ્યો હતો. દેશ આખામાંથી ભાષાવાર રાજ્યો રચવાની ભલામણ થઈ રહી હતી. જો કે, મુંબઈ રાજ્યનું વિભાજન કરાયું નહોતું. તેની પાછળ ગુજરાત અને મુંબઈના આર્થિક હિત છૂપાયેલા હતા. તે સમયે ઘણા રાષ્ટ્રીય નેતાઓ મુંબઈના બે ભાગલા પડે તેવું ઈચ્છતા હતા. જો કે તે માટે પ્રજા તૈયાર નહોતી.. અને પછી મહાગુજરાતની ચળવળ શરૂ કરવામાં આવી. ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાની હેઠળ સપ્ટેમ્બર, ૧૯૫૬માં મહાગુજરાત જનતા પરિષદની રચના કરવામાં આવી. હિંસક બનાવોના વિરોધમાં મોરારજી દેસાઈએ ઉપવાસ કર્યા. અમદાવાદમાં વડાપ્રધાન જવાહરલાલ નેહરૂની સભા સામે ઈન્દુલાલ યાજ્ઞિકની સમાંતર સભામાં લાખોની માનવમેદની ઊમટી પડી. ૧૯૬૦માં મુંબઈ રાજ્યનું વિભાજન થયું જેમાં એક રાજ્ય મહારાષ્ટ્ર અને બીજુ રાજ્ય ગુજરાત બન્યું...

## મોંઘવારીની ચર્ચા એ ભૂતકાળ બની ગઈ, સરકારને ય રસ રહ્યો નથી

**● ગુજરાતે મેળવ્યા કરતાં બહું બધું ગુમાવ્યું છે ...**

૮ ઓગસ્ટનો એ દિવસ ગુજરાત માટે કાળો દિવસ સાબિત થયો. જેના વિરોધમાં હજારો વિદ્યાર્થિઓ ભદ્રની કોંગ્રેસ ઓફિસે એકત્રિત થયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યા. આ વિરોધ વચ્ચે કોંગ્રેસ ઓફિસ પર ગોળીબાર થયો.. જેમાં ૭થી ૮ વિદ્યાર્થી શહિદ થયા. ૮ અને ૯ ઓગસ્ટે રમખાણો થયા તથા સરકારી સંપત્તિઓમાં તોડફોડ કરવામાં આવી હતી. હરીહર ખંભોળજા, હરીપ્રસાદ વ્યાસ અને પ્રબોધ રાવલે ખુલ્લી જીપમાં પ્રવાસ કરી વિદ્યાર્થીઓને શાંત રહેવા અપીલ કરી. આ રમખાણોમાં ૧૨ લોકો શહીદ થયા જ્યારે ૮૦ લોકો ઘાયલ થયા. શાહપુરમાં સરકાર વિરોધી પ્રદર્શન થયા ૧૦ ઓગસ્ટે ૫ લોકો પોલીસની ગોળીનો શિકાર થયા અને ૪૫ લોકો ઘાયલ થયા. અને આ ચળવળે વેગ પકડી અમદાવાદથી નડિયાદ, પારડી, સુરત રાજકોટ, અમરેલી, બાવળા, ભૂજ, આણંદ, પાલનપુર સહિત રાજ્યભરમાં જંગ શરૂ થઈ હતી. અંતે કેન્દ્ર સરકારે ૨૭ ઓગસ્ટ ૧૯૫૭માં લોકસભામાં દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી ગુજરાતને અલગ રાજ્ય નિર્માણનો પ્રસ્તાવ મુક્યો. જ્યારે લોકસભાએ ગુજરાતના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી ત્યારે વિસનગરમાં મહાગુજરાત પરિષદની આખરી બેઠક થઈ અને તેને ભંગ કરી દેવામાં આવી હતી. ૧ લી મે ૧૯૬૦ના રોજ મુંબઈના દ્વિભાષી રાજ્યમાંથી ગુજરાતને અલગ કરી એક નવા રાજ્યની સ્થાપના રવિશંકર મહારાજના હસ્તે થઈ હતી.

**● ફુડ કોર્ટ શરૂ થયા પહેલાં હપ્તા લેવા આવી ગયા ...**

ગુજરાતમાં બિઝનેસ કરવો સહેલો નથી. ભ્રષ્ટાચારની ગંગોત્રી સચિવાલય થી શરૂ થાય છે અને તે તાલુકા અને ગ્રામ કક્ષાએ પ્રસરી જાય છે. ગાંધીનગરના એક વિસ્તારમાં ડબલ ગ્રેજ્યુએટ થયેલા એક યુવાને ફુડ રેસ્ટોરન્ટ ખોલતાં તો ખોલી નાંખી, પરંતુ જેવું ઉદ્ઘાટન કર્યું એટલે સૌ પહેલાં હપ્તાબાજો આવી પહોંચ્યા હતા. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગનું લાયસન્સ, સર્વિસ ટેક્સની પળોજણ, વેટ-સેલ્સટેક્સનું લાયસન્સ, ગુમાસ્તા ધારાનું સર્ટિફિકેટ, કલેક્ટર કચેરીની વિવિધ પ્રકારની મંજૂરીઓ સહિતના આઠ સ્થાનોએ રૂપિયા ખવડાવીને આ યુવાને ઝડપથી લાયસન્સ મેળવ્યું અને ફુડ કોર્ડની સ્થાપના કરી દીધી, પણ તેને ખબર નહીં હોય કે આ તો ટ્રેઈલર હતું, ફિલ્મ તો હવે શરૂ થાય છે. પોલીસ, ટેક્સ ઉઘરાવતા કર્મચારીઓ, ફુડની તપાસ કરતા ઈન્સ્પેક્ટરો, નજીકના પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઉદ્ઘાટનના દિવસે આવી પહોંચ્યો અને માસિક કેટલો હપ્તો આપી શકો છો તેની વાત કરીએ એવું સાઈડમાં લઈ જઈને આ યુવાનને કહેવામાં આવ્યું હતું. હવે કોમન મેન કેવી રીતે તેનો નાનકડો બિઝનેસ કરી શકે તે આ હપ્તાબાજોના રાજમાં જોઈ શકાય છે.

## ફુડ કોર્ટ શરૂ કરનાર યુવાન વેપારીને ખબર પડી કે સરકાર એટલે શું ?!

**● મોંઘવારીની ચર્ચાઓ હવે સરકારમાં ક્યાં થાય છે?! ...**

ગુજરાત સરકાર એટલે- ના કોઈ ઉમંગ, ના કોઈ તરંગ.. બસ ફાઈલોના ગંજ વચ્ચે સરકારી કામકાજ રાબેતા મુજબ ચાલે છે. મોંઘવારીનો માર સહન કરતા લોકો પણ હવે એકત્ર થતા નથી. સરકારમાં પોતાનું કામ સિફતપૂર્વક કઢાવી લેનારા લોકો મોટા નેતાઓની વાહવાહ કરે છે. મોંઘવારીનો માર સહન કરતી જનતાને લકઝુરીયસ ખર્ચા હવે પોસાતા નથી. રેસ્ટોરન્ટ અને હોટલોના મેનુ બદલાઈ ચૂક્યાં છે. જે ગુજરાતી થાળી ત્રણેક વર્ષ પહેલાં ૧૫૦ થી ૧૮૦ રૂપિયામાં મળતી હતી તે આજે ૪૫૦ થી ૬૦૦ રૂપિયામાં મળે છે. ઘણાંને યાદ હશે કે ૧૯૯૦માં એક લિટર પેટ્રોલના દામ બાર રૂપિયા અને એક લિટર ડિઝલના દામ પાંચ રૂપિયા હતા, આજે કિંમતો ક્યાં પહોંચી છે. આપણા રાજકીય નેતાઓને મોંઘવારી નડતી નથી કારણ કે તેમનો ફુલટાઈમ વ્યવસાય અલગ છે. નોકરીયાતોને ઘરના બે છેડા ભેગા કરવા કષ્ટદાયક બનતા જાય છે. બાળકોના શિક્ષણના ફરજીયાત ખર્ચા અને ઘરનું ઘર બનાવવાની હાઉસિંગ લોન એ તો જીવનમાં કાયમ બની ચૂક્યાં છે. આ બધી ચર્ચાઓ હવે સરકારમાં ક્યાં થાય છે..?!!

**● સિંગતેલમાં ૫૦ પૈસા વધે તો અસર ખાડિયામાં થાય ...**

ગુજરાત સરકારનો બજાર પર અંકુશ હોત તેમ લાગતું નથી. પહેલાં એવું હતું કે પેટ્રોલ કે ડિઝલના દામ વધે એટલે વેપારીઓ ભાવમાં વધારો કરી દેતા હતા અને તેમને સરકાર મંજૂરી પણ આપતી હતી. આજે પેટ્રોલ કે ડિઝલના ભાવ ઘટે તો વેપારીઓ તેમના ઉંચા કરેલા દામ નીચે લાવતી નથી અને તેના માટે સરકાર પણ ફરજ પાડતી નથી. ૧૯૯૫ પહેલાં એવું હતું કે સિંગતેલના ડબ્બે બે કે પાંચ રૂપિયા વધે એટલે ફરસાણના વેપારીઓ ભાવ વધારી દેતા હતા, હવે તો સિંગતેલના ભાવ આસમાને છે ત્યારે ફરસાણના ભાવ સાંભળીને ખવાય પણ નહીં તેવું મધ્યમ વર્ગ વિચારે છે. સરકાર અને ગુજરાતની જનતા સિંગતેલના ભાવવધારાને ભૂલી ચૂકી છે. યાદ છે, ચીમનભાઈ પટેલના શાસનમાં સિંગતેલમાં તેલિયા રાજાઓ ૫૦ પૈસાનો વધારો કરે ત્યારે ખાડિયામાં અશોક ભટ્ટ થાળી અને વેલણ લઈને અમદાવાદની સડકો પર નિકળી પડતા હતા. અશોક ભટ્ટ છડેચોક કહેતા કે ગુજરાતની ગૃહિણીઓ તેલમાં નહીં પાણીમાં ભજીયાં બનાવે તેવી નોબત આવી છે. આજે અશોક ભટ્ટ જેવા નેતાઓ ગુજરાતમાં ક્યાં છે...